# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં... કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળમાં.....તો કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી હરિયાણામાં કરી રહ્યા છે ચૂંટણી પ્રચાર...
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું એનડીએ સરકાર સ્ટાર્ટઅપ્સના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા પ્રતિબદ્ધ છે..
- ✓ વિશ્વ આરોગ્ય સંગઠને ઈઝરાયેલને ગાઝામાં આરોગ્ય સેવાઓ પરનો પ્રતિબંધ હટાવવા કહ્યું....
- ✓ ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની આગાહી....જમ્મૂ કાશ્મીરમાં આગામી સપ્તાહે તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા...
- ✓ અને આજે IPLમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે અમદાવાદમાં મુકાબલો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *UPDATED CAMPAIGN*

લોકસભા ચૂંટણીના છઠ્ઠા અને સાતમા તબક્કા માટે ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોનાં ટોચનાં નેતાઓ પોતાનાં પક્ષનાં ઉમેદવારો માટે આજે જાહેરસભાઓ સંબોધશે. ઉત્તરપ્રદેશમાં ટોચનાં નેતાઓ પ્રચાર કરશે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશની બસ્તીમાં ચૂંટણી સભા સંબોધી અને શ્રાવસ્તીમાં અને સાંજે દિલ્હીમાં દ્વારકા ખાતે જાહેરસભા સંબોધશે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે હરિયાણાના ચરખી દાદરી અને સોનીપતમાં જાહેર સભાને સંબોધશે અને સાંજે પંચકુલામાં સંવિધાન સન્માન સંમેલનને સંબોધશે. કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા ઝારખંડના ગોડ્ડા અને રાંચીમાં, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દિલ્હીમાં, બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી સુલતાનપુરમાં અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ આઝમગઢમાં જાહેરસભા સંબોધશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળમાં કાંથી, ઘાટલ, પુરુલિયામાં  જાહેર સભાઓ સંબોધશે અને અને બાંકુરામાં રોડ શો કરશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડ્ડા પણ આજે કોલકતામાં બે જાહેર સભાઓ સંબોધશે અને સાંજે બારાસતમાં રોડ શો કરશે.

## *VOTING FIFTH PHASE*

સોમવારે લોકસભા ચૂંટણીનાં પાંચમાં તબક્કામાં 49 બેઠકો પર 62.2 ટકા મતદાન નોંધાયું છે એમ ચૂંટણી પંચે સુધારેલી યાદીમાં જણાવ્યું છે. અંતિમ આંકડામાં હજુ વધારો થઈ શકે છે.

ચૂંટણી પંચે તેની વોટર ટર્નઆઉટ એપ પર આપેલા આંકડા પ્રમાણે આ તબક્કામાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ 78.5 ટકા મતદાન નોંધાયું છે, જે 2019ની

ચૂંટણીમાં નોંધાયેલાં 80.1 ટકાની સરખામણીમાં ઓછું છે. બિહારમાં સૌથી ઓછું 56.76 ટકા મતદાન નોંધાયું છે.

## *PM START UPS*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સરકાર સ્ટાર્ટઅપ્સનાં વિકાસ માટે અનુકુળ વાતાવરણ પૂરં પાડવા માટે પ્રતિબધ્ધ છે.

સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર શ્રેણીબધ્ધ પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, સરકારને દેશનાં દરેક ભાગ, ખાસ કરીને દ્વિતીય અને તૃતીય શ્રેણીનાં શહેરોનાં યુવાનોની ઊર્જા પર ગર્વ છે. તેમણે જણાવ્યું કે અમારી સરકાર સક્રિય રીતે સ્ટાર્ટઅપ અને સંપત્તિ સર્જનને પ્રોત્સાહન આપે છે.

અન્ય એક પોસ્ટમાં શ્રી મોદીએ એક સ્ટાર્ટઅપના સીઇઓ દિપેન્દર ગોયલની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, દેશમાં યુનિકોર્નની સંખ્યા 2015માં ચારથી વધીને 2024માં 130 થઈ ગઈ છે.

## *AAP-BJP*

આમ આદમી પાર્ટીએ પક્ષ અને દિલ્હીની જનતા સામે કથિત કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો છે.

આપના વરિષ્ઠ નેતા અતિશીએ આક્ષેપ કર્યો છે કે ભાજપે રાજધાનીમાં પાણીની કટોકટી સર્જવા માટે પુરવઠો અટકાવી દીધો છે. તેમણે જણાવ્યું કે, તપાસમાં એવું બહાર આવ્યું છે કે હરિયાણા સરકાર યમુનાનો દિલ્હીનો પ્રવાહ અટકાવી રહી છે. તેમણે ઉમેર્યું કે યમુનાનું સ્તર ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યું છે.

## *CONGRESS-THAROOR*

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે લોકસભા ચૂંટણીમાં, જીતના ભાજપના દાવાને સંપૂર્ણપણે કાલ્પનિક ગણાવ્યો છે.

તેમણે આજે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ માટે 2019ના ચૂંટણી પરિણામોનું પુનરાવર્તન કરવું અશક્ય છે. તેમણે દાવો કર્યો કે ભાજપના ગઢમાં ઓછું મતદાન થયું છે. શ્રી થરૂરે એવો પણ દાવો કર્યો હતો કે લોકોનો ઉત્સાહ કોંગ્રેસના ઉમેદવારો અને INDI ગઠબંધન તરફ જોવા મળી રહ્યો છે.

## *WHO _ GAZA*

વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમુખ ટ્રેડ્રોસ અધોનોમે ઇઝ્રારાયેલને ગાઝામાં આરોગ્ય સેવાઓ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવા કહ્યું છે. એક સત્તાવાર નિવેદનમાં તેમણે કહ્યું કે લગભગ 700 જેટલા દર્દીઓ યુદ્ધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે ઇજિપ્ત-ગાઝા સરહદ ગત બે સપ્તાહથી બંધ હોવાથી, ગાઝામાં આફત સમયની આરોગ્ય સેવાઓની પાઇપ લાઇનને અસર થઈ છે. તેમણે ગાઝાની સ્થિતિને ભયાવહ ગણાવી હતી. ઉત્તરીય ગાઝામાં માત્ર બે હૉસ્પિટલો કાર્યરત છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ અહીં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે હૉસ્પિટલની સ્થિતિ સુધારવા પર ભાર મૂક્યો છે.

## *TOURISM INDEX*

વિશ્વ આર્થિક મંચના પર્યટન વિકાસ સૂચકાંક 2024માં ભારત 39મા ક્રમે પહોંચ્યું છે.

દક્ષિણ એશિયામાં નીચલી-મધ્યમ આવક ધરાવતા દેશોમાં ભારતે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યો છે. 2021માં પ્રસિદ્ધ થયેલા સૂચકાંકમાં ભારત 54મા ક્રમે હતું.

દર બે વર્ષે પ્રસિદ્ધ થતા સૂચકાંકમાં 119 દેશોમાં પર્યટન વિકાસ અંગેનાં શ્રેણીબધ્ધ પરિબળો અને નિતીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## POWER DEMAND

દેશભરમાં તીવ્ર ગરમીનું મોજું ફરી વળ્યું હોવાથી મંગળવારે વીજ માંગ 234 ગિગાવોટનાં સ્તરે પહોંચી ગઈ હતી, જે આ મોસમમાં સૌથી વધુ છે.

સરકારે મે મહિનામાં 225-235 ગિગાવો વીજ માંગ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જૂન મહિનામાં વીજ માંગ હજુ પણ વધીને 235-240 ગિગાવોટની વચ્ચે રહેવાનો અંદાજ છે. દિલ્હીમાં મંગળવારે સાત હજાર સાત સો સત્તર મેગાવોટ વીજ માંગ નોંધાઈ હતી જે તેનાં ઇતિહાસમાં સર્વોચ્ચ છે. રાજધાનીમાં સતત ચોથી વાર વીજ માંગ 7000 મેગાવોટથી વધુ નોંધાઈ છે. અગાઉ 19 મે, 2022નાં રોજ સાત હજાર સીત્તેર મેગાવોટ માંગ નોંધાઈ હતી. દિલ્હીમાં સૌથી વધુ 47.4 ડિગ્રી તાપમાન નઝફગઢમાં નોંધાયું હતું.

તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખતા સરકારે ઉનાળામાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા ગેસ આધારિત વીજ મથકો કાર્યાન્વિત કરવા સહિતનાં પગલાં લીધાં છે.

## WEATHER

હવામાન વિભાગે ગુજરાત સહિત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને મધ્યપ્રદેશમાં 25 મે સુધી પ્રચંડ ગરમી ચાલુ રહેવાની આગાહી કરી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તાપમાન 44થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે.

આગામી કેટલાંક દિવસ માટે મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતનાં અનેક ભાગોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ક્રમિક વધારો થવાની આગાહી છે. તો આ વર્ષે જમ્મૂ કાશ્મીરમાં સિઝનનું સૌથી વધુ તાપમાન નોઁધાયું છે. અહીં

તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયું છે. હવામન વિભાગ અનુસાર આગામી બેથી ત્રણ દિવસમાં જમ્મૂ કાશ્મીરના કેટલાક ભાગોમાં તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર, માલ્દિવ્સ, કોમોરિન,  બંગાળનો અખાત અને આંદામાન નિકાબોર ટાપુનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનુ ચોમાસુ આગળ વધવા માટે સાનુકુળ સ્થિતિ છે. શુક્રવાર સુધી ભારતનાં દક્ષિણ ભાગોમાં ભારેથી અતિભારે છુટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે આજે અને આવતી કાલે કેરળમાં અતિ ભારે વરસાદની સંભાવના છે. આગામી બેથી ત્રણ દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કરાઇલ, કેરળ, માહે અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદ શક્ય છે.

## *PAKISTAN HEAT*

પાકિસ્તાનમાં કેટલાંક ભાગોમાં દિવસનું તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસને પાર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખતા સત્તાવાળાઓએ શાળાઓ બંધ રાખવાનો, પરીક્ષા મુલતવી રાખવાનો અને હોસ્પિટલોને સાવધાન રહેવા આદેશ આપ્યો છે.

સ્થાનિક માધ્યમોના અહેવાલ પ્રમાણે તાપમાન સરેરાશ સ્તર કરતા આઠ ડિગ્રી ઊંચું છે. દેશમાં સતત ત્રીજા વર્ષે ગરમીનો પારો 50 ડિગ્રીને પાર થયો છે.

પાકિસ્તાનમાં હવામાનની પધ્ધતિ બદલાઈ રહી છે. કેટલાંક સપ્તાહ પૂર્વે દેશમાં ભારે વરસાદ અને અચાનક પૂરને કારણે 100થીવધુ લોકોનાં મૃત્યુ થયા હતા.

# *US WILL NOT SUPPORT RAISI DEATH*

ઇરાનના રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઇસીની હેલિકોપ્ટર દુર્ઘટનાની તપાસ કરવામાં અમેરિકાન સરકારે રાહત આપવાનો ઇન્કાર કર્યો છે.

અમેરિકાએ અવરજવરની સમસ્યાઓનો મુદ્દો ઉઠાવીને આ મામલાની તપાસમાં સહયોગ કરવાનો ઇન્કાર કરી દીધો છે..હેલિકોપ્ટર દુર્ઘટનામાં રઇસી અને વિદેશ મંત્રી અને અન્ય છ અધિકારીઓના મોત થયા હતા..ઇરાન સરકારે આ મામલે અમેરિકાને તપાસમાં મદદ કરવા માટે આગ્રહ કર્યો હતો.

અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે આ મામલે પત્રકારો સાથે વાતચિત કરતા કહ્યું હતું કે સામાન્ય રીતે આવી ઘટનાઓમાં વિદેશી સરકારોની વિનંતીને સ્વીકારવામાં આવે છે. પરંતુ ઇરાનના આ મામલે તપાસમાં ભાગ લેવા માટે અમેરિકા તૈયાર નથી..

## *IPL*

આઇપીએલ ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે એલિમિનેટર રાઉન્ડમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો થશે. આ મેચ જીતનાર ટીમ શુક્રવારે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમશે,. રવિવારે ફાઇનલ મેચ રમાશે.

દરમિયાન, ગઇકાલે રમાયેલી પ્લે ઓફની પ્રથમ મેચમાં કોલકતા નાઇટ રાઇડર્સે સનરાઇઝર્સ હૈદરાબાદને આઠ વિકેટે પરાજય આપીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો..